| PUBLICATION NAME : | Jay Gujarat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 15/10/24 |
| PAGE : | 2 |

# ઈડીઆઈઆઈમાં સર્કુલર ઈકોનોમી, સસ્ટેનેબિલિટી અને એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ પર આંતરરાષ્ટ્રીય કાર્યક્રમની શરૂઆત



અમદાવાદ : ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થા (ઈડીઆઈઆઈ) અમદાવાદ દ્વારા ૬ નવેમ્બર ૨૦૨૪થી સર્કુલર ઈકોનોમી, સસ્ટેનેબેલિટી અને એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ પર પ્રથમ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ આઈટીઈસી (ઈન્ડિયન ટેકનિકલ અને ઈકોનોમિ કો-ઓપરેશન) દ્વારા સમર્થિત છે. આ કાર્યક્રમ ૧૯મી નવેમ્બર, ૨૦૨૪ સુધી ચાલુ રહેશે. આ કાર્યક્રમમાં સરકારી મંત્રાલયો અને વિવિધ વિભાગોનું પ્રતિનિધિત્વ કરનાર ૨૨ દેશોમાંથી ૨૮ સહભાગીઓ આંત્રપ્રિન્યોરશીપ, સસ્ટેનેબિલીટી તેમજ ઈકોનોમી ગ્રોથના મહત્વના વિષયો પર વિસ્તુત ચર્ચા કરશે.

આ અંગે વાત કરતા ઈડીઆઈઆઈ પ્રોગ્રામ ડાયરેક્ટર તેમજ ફેકલ્ટી ડૉ. રાજેશ ગુપ્તાએ જણાવ્યું હતુ કે, સર્કુલર ઈકોનોમી અને સસ્ટેનેબલ પ્રેક્ટિસ વિશ્વભરના દેશોની રૂચીને આકર્ષિત કરી રહી છે. સ્થાનિક અને વૈશ્વિક સ્તરે સ્થિરતાના આધાર પર ઈનોકોમી ગ્રોથને સુનિશ્ચિત કરવામાં ઉદ્યોગસાહસિકતાની ભૂમિકા પર અને સ્થિર પ્રથાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી વિશિષ્ટ રીતે ડિઝાઈન કરાયેલ શિક્ષણશાસ્ત્ર સાથેનો આ એક અભ્યાસક્રમ છે. આ યૂનિક કોર્સ સર્કુલર ઈકોનોમી, સસ્ટેનેબલ તેમજ એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટના મુખ્ય પાસાઓ પર ઊંડાણપૂર્વક માહિતી પ્રદાન કરે છે.